

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

ભંગ કરે શાંતિનો, વાતાવરણ તંગ કરે છે,
કરીને આવું ગાંડપણ, વિશ્વને દંગ કરે છે!
સંગ કરે છે ચીનાનો, મિયાંજી ટંગ રાખે ઊંચી,૦૦
નાપાકિસ્તાન વારંવાર સીમાનો ભંગ કરે છે!

### હાઈકુ

કલિકાળમાં -
દેનારો છૂટે હાથે -
થયો માગણ..
(જગતનો તાત - અનામત)

ભારત-પ્રજા,
સંસદમાં શબ્દોનું
જુએ - નાટક
(સત્તાની નૌટંકી

### ચિંતન

**કૃત મહામાત્યાપસર્પઃ, પૌરજાન પદાનપસર્પયેત ॥**

રાજાએ પોતાના પ્રધાનમંત્રીઓ અને દરેક વિભાગના સચિવશ્રીઓ, પુરોહિતો-દરબારીઓ અને અમાત્યો - એ બધાનાં ચારિત્ર્યની જાણકારી રાખવી જોઈએ, અને પોતાના નાગરિકોનો પણ રાજા અને રાજય તરફનો ભાવ-કુભાવ, રાગ-દ્વેષની જાણકારી મેળવવા ગુપ્તચરો-જાસૂસની નિમણૂંક કરવી જોઈએ.

'ચાણક્ય નીતિ'નો આ શ્લોક છે.

આજકાલ સત્તા મળી જતાં પ્રધાનશ્રીઓ 'ખાયકી'નાં ક્ષેત્રોની જ શોધમાં હોય છે. જો કોઈને એવું ખાતું સોંપાય કે જેમાં 'કૌભાંડ' થઈ શકે એવાં ક્ષેત્રો ન હોય તો 'નારાજ' પણ થઈ જાય!

રાજાએ પ્રધાનશ્રીઓ - સચિવો પર નજર રાખવી જોઈએ. સ્વચ્છ શુદ્ધ ચારિત્ર્યવાનને જે વહીવટ જવાબદારી સોંપવી જોઈએ.

શશી થરૂર પર પત્ની-હત્યાનો આરોપ છે. મનમોહનસિંહની અર્ધી કેબીનેટ જેલમાં જઈ આવી છે!!

### સુવિચાર

- સમર્પીને રીઝે તે સ્નેહ, લઈને રાચે તે સ્વાર્થ. - **એસ. ભટ્ટાચાર્ય**
- આપણે ગતિમાં નહીં પણ ગતિના આભાસમાં જીવીએ છીએ, આપણે મોજમજા જાણીએ છીએ પણ સાચા આનંદને ઓળખતા નથી. - **ચંદ્રકાન્ત બક્ષી**
- સંત પોતે જ જો નિખાલસપણે હસે નહીં તો એના શિષ્યોમાં પાનખર જ હોય, વસંત પ્રગટે જ નહીં. - **રજનીશ**
- અન્યાય કર્યા પછી કોઈને ન્યાય આપવાનો પ્રયાસ થાય એ તો ઘણું દૂરનું પગથિયું છે.. અન્યાયનો આરંભ જ ના થાય એ પાયાની વાત છે. - **ગુલાબદાસ બ્રોકર**
- આપણી લાલસાઓ સાથે જીવવું મતલબ કે આપણી પીડા અને વ્યથા સાથે જીવવું. - **અખંડ આનંદ**
- પારકાંના દુઃખ તરફ જે સંવેદનશીલ નથી એને કોઈ કાળે આસ્તિક કહી શકાય નહીં. - **ઉમાશંકર જોશી**

(સંકલન : દીપક વી. આસરા)

### બોધકથા

જે દેશ-રાજયના રાજાઓ ખટપટિયા અને અજ્ઞાની હોય ત્યાંની પ્રજા પણ એવી જ હોય. જયાં રાજા-પ્રધાનમંડળ જ્ઞાની હોય ત્યાં પ્રજા પણ સંસ્કારી હોય - યથા રાજા તથા પ્રજા.

રાજા ભોજ અને તેમના રાજકવિશ્રી માઘ જંગલમાં માર્ગ ભૂલ્યા. ત્યાં એક વૃદ્ધા લાકડાં વીણતી હતી. રાજાએ વૃદ્ધાને પ્રણામ કરીને પૂછ્યું : માજી, અમારે ધારાનગરી જવું છે પણ દિશા ભૂલી ગયા છીએ.

માજીએ પૂછ્યું: પણ, તમે છો કોણ? રાજા કહે: અમે વટેમાર્ગુ છીએ.

માજી : સંસારમાં વટેમાર્ગુ બે જ છેઃ સૂર્ય અને ચંદ્ર! રાજા કહે : અમે ધારાનગરીના મહેમાન છીએ.

માજી : આ જીવનમાં મહેમાન બે જ છે - યૌવન અને સંપત્તિ. રાજા કહે : અમે સાધુ છીએ.

માજી : સાધુ તો બે જ છે-શાંતિ અને સંપત્તિ. રાજા : માજી, અમે અજ્ઞાની છીએ.

માજી કહે : હે રાજન! તમારી નમ્રતાની હું કસોટી કરતી હતી, ક્ષમા કરજો. ધારાનગરી આ તરફ, પશ્ચિમમાં સીધા ચાલ્યા જાવ!

# સંપૂર્ણ દારૂબંધી આભાસી છે

## તંત્રીસ્થાનેથી....

ગુજરાત ગાંધીનું રાજ્ય એટલે એમના ઉચ્ચ આદર્શોના પાલન માટેની પ્રયોગશાળા બની રહ્યું છે, પરંતુ ગાંધીજીના જન્મસ્થાન પોરબંદરથી લઈ એમની કર્મભૂમિ અમદાવાદ સુધી ક્યાંય ગાંધીવિચારનો સંપૂર્ણ અમલ થઈ શક્યો નથી, તે કડવી વાસ્તવિકતા સ્વીકારવી જ રહી. પોરબંદરમાં માફિયારાજ ચાલે છે અને ગાંધીના નામ પરથી જેનું નામકરણ કરાયેલ છે એ પાટનગરના સીમાવર્તી વિસ્તારોમાં દેશી દારૂની ભઠ્ઠીઓ ધમધમે છે. વળી આ પ્રકારની ગેરકાયદેસર પ્રવૃત્તિ કંઈ ભાજપના શાસનકાળમાં જ શરૂ થઈ હોય કે ફૂલીફાલી હોય એવું પણ નથી. ગાંધીનગરનાં જમીનવિહોણાં ગામડાં પાસે દેશી દારૂનો ગૃહઉદ્યોગ એ હાથવગું આજીવિકાનું સાધન બની રહેલ છે, એ કોંગ્રેસીઓ ક્યાં નથી જાણતા? કોંગ્રેસના શાસનકાળમાં પણ એ ધંધો ધમધોકાર ચાલતો જ હતો, અને લાખ કોશિશ કરવા છતાં જ્યાં સુધી એ પ્રજાને આજીવિકાના બીજા વિકલ્પો ઉપલબ્ધ નહીં કરાવાય ત્યાં સુધી એ ચાલતો જ રહેશે, એ હકીકત નકારી શકાય એમ નથી. મહિલા કોંગ્રેસની બહેનોએ મહિલા મુખ્યમંત્રીના રાજમાં કાયદો અને વ્યવસ્થા સામે પ્રશ્નો ઊભા કરવા માટે આ ગરીબડાં ગામોને સૉફ્ટ ટાર્ગેટ ગણી નિશાન બનાવ્યાં છે. ખરેખર તો એમણે રાજસ્થાન અને મધ્યપ્રદેશના સીમાવર્તી ક્ષેત્રોનું પિકેટિંગ કરી રોજેરોજ કરોડોની કિંમતનો દેશી-વિલાયતી દારૂ અમદાવાદ જેવા મહાનગરમાં ઠલવાતો રહે છે, એની સામે સત્યાગ્રહ કરવાની જરૂર છે. ઇંદિરા ગાંધી કહેતાં કે જેમને પોસાય એમ છે એવા લોકો ભલે પીતા, પરંતુ દારૂનો દૈત્ય ગરીબનું ઘર ન ઉજાડે તે જોવાની રાજ્યની ફરજ છે. ગાંધીજીએ દારૂબંધી અને અસ્પૃશ્યતા જેવા રચનાત્મક કાર્યક્રમોને આઝાદી કરતાં પણ અગ્રતાક્રમે મૂક્યા હતા. પરંતુ જ્યાં સુધી દારૂબંધીની વાત છે ત્યાં સુધી એની સંપૂર્ણ નાબૂદી અશક્ય જ હોવાનું ખુદ પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરુને સ્વીકારવું પડ્યું હતું. બંધારણમાં દારૂબંધીને ગોવધબંધી જેવો એક આદર્શ જ ગણવામાં આવેલ છે, જેનો અમલ રાજ્યોની મુનસફી પર છોડવામાં આવ્યો હતો. તત્કાલીન મુંબઈ રાજ્યે આ આદર્શ સ્વીકાર્યો હતો, પરંતુ કાળક્રમે ગુજરાત અને મહારાષ્ટ્ર જુદાં પડ્યા પછી એ ગુજરાત પૂરતો અને 'ગાંધી જિલ્લા' તરીકે ઓળખાતા મહારાષ્ટ્રના નાનકડા વર્ધા જિલ્લા પુરતો સીમિત બની ગયો હતો. મદ્રાસ સહિત અન્ય રાજ્યોએ આબકારી આવકના મુદ્દે દારૂબંધી હટાવી દીધી હતી. દેશના પાટનગરમાં તો એનો અમલ શક્ય જ ન હતો, બલકે પાછળથી હરિયાણામાં એનો અમલ કરવાનો પ્રયાસ થયો ત્યારે થોડા જ વખતમાં એનો ફિયાસ્કો થઈ ગયો હતો. હરિયાણા દિલ્હીનું પાડોશી રાજ્ય હોઈ પીનારા દિલ્હી પહોંચી જઈને પી આવતા હતા. ગુજરાતમાં પણ શામળાજી નજીક રતનપુર કે અંબાજી નજીક બનાસકાંઠાની સરહદે આવેલા આબુમાં ગુજરાતીઓ ધરાઈ ધરાઈને દારૂ ઢીંચતા રહે છે; તે જ રીતે દમણ-દીવમાં મહેફિલો જામે છે. કોંગ્રેસી મહિલાઓએ મુખ્યમંત્રીના નિવાસથી માંડ એકાદ કિ.મી.ના અંતરે દારૂની ભઠ્ઠીઓ પકડી પાડી હોય તો એમાં સરકારની ઢીલી નીતિ કરતાં ગાંધીનગરની રચના માટે જેમની જમીનો પાણીના ભાવે પડાવી લેવાઈ હતી, તે પ્રજાજનો પ્રત્યેની અનુકંપા જ કારણભૂત લાગવી જોઈએ.

# ક્યા લોગ થે વો દિવાને ! ક્યા લોગ થે વો અભિમાની!



## ક્ષણના ચણીબોર

વી. એસ. ગઢવી

ઑગસ્ટ મહિનામાં દેશ આઝાદ થયો તે એક ચિરંજીવી સ્મૃતિ છે. સ્વતંત્રતા એ શબ્દમાં જ એક અનોખા રોમાંચનો અનુભવ થાય છે. મેઘાણીભાઈએ લખ્યું હતું:

**તારા નામમાં, ઓ સ્વતંત્રતા**
**મીઠી આ શી વત્સલતા ભરી!**
**મુડદા મસાણેથી જાગતાં**
**એવી શબ્દમાં શી સુધા ભરી!**

જોકે એ વાત સમજી શકાય કે ઑગસ્ટ-૧૯૪૭ પહેલાં તથા તેની આસપાસના કાળના સાક્ષી બનેલા લોકોને સ્વતંત્રતાની એ અદ્‌ભુત ક્ષણની વિશેષ અનુભૂતિ તે સમયના માહોલને કારણે થઈ હશે એવી અનુભૂતિ કદાચ આજે ન થાય તો પણ પરાધીન દેશ માટેની એ સુવર્ણઘડીની સ્મૃતિ આજે પણ ગૌરવનો અનુભવ કરાવી શકે તેવી છે. સ્વાતંત્ર્ય-સંગ્રામની વેદી પર જે અનેક લોકોએ પોતાના પ્રાણ ન્યોછાવર કર્યા તેમાં આપણાં ઘરદીવડાઓ પણ છે. સુભાષબાબુ, ભગતસિંહ કે વીર સાવરકરના નામો સમાજને વિશેષ સુપરિચિત લાગે તો તે ઉચિત છે. પરંતુ આપણા પ્રદેશના - આપણા આસપાસના નગરના કેટલાક વીરોની સ્મૃતિ સ્વાતંત્ર્યપર્વ નીમિત્તે થાય છે. શહીદ વિનોદ કિનારીવાલા એ આવું એક ઊજળું નામ છે. અમદાવાદની ગુજરાત કોલેજ અનેક કારણોસર ઐતિહાસિક છે. તેમાનું એક મહત્ત્વનું કારણ યુવાન શહીદ વિનોદ કિનારીવાલાનું મુક્તિ-સંગ્રામમાં સમર્પણ તથા તેની અમર ખાંભી છે. આ વીરના બલિદાનના સમયે તેની માત્ર અઢાર વર્ષની વય એ અહોભાવ પ્રગટાવે તેવી બાબત છે. વિશ્વના અનેક દેશો પર સત્તા ભોગવતી પ્રચંડ શક્તિશાળી સરકારને રાષ્ટ્રધ્વજનું ગૌરવ જાળવવા માટે પડકારનાર આ નવયુવાન કોઈ જુદી માટીનો માનવી હશે. ૧૯૪૨ના ઑગસ્ટની દસમી તારીખે એકઠા થયેલા સમૂહમાં વિનોદ પણ સામેલ છે. **Quit India** તથા ઈન્કલાબ ઝિંદાબાદના ગગનભેદી નારાઓ સમૂહસ્વરમાં ઉઠે છે. ગુજરાત કોલેજના મેદાનમાં જે કેટલાક વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થીનીઓ છે તેમાં વિનોદ છે. વિનોદના હાથમાં રાષ્ટ્રધ્વજ છે તેથી તે વિશેષ ધ્યાનમાં આવે છે. આમ તો દેશનું તે સમયનું વાતાવરણ **charged** થયેલ હતું. ભારત છોડોનું આખરીનામું મુંબઈથી મહાત્માએ આપેલું તેના પડઘા દેશના દરેક ભાગમાં પડેલા છે. કાર્ય સાધવું કે દેહ પાડવો (કાર્ય સાધયામિ વા દેહં પાતયામિ) એવી રાષ્ટ્રીય ભાવના ઊભી કરવામાં સાબરમતીના સંત સફળ થયા છે. લખનૌ, મદ્રાસ, કરાંચી તથા કલકત્તામાં પણ અમદાવાદની જેમ યુવાનોએ લડતનો દોર સંભાળ્યો છે. દાદા સાહેબ માવળંકર, જીવણલાલ દેસાઈ, નીરુ દેસાઈ જેવા અમદાવાદના આગેવાનોને બ્રિટીશ સરકારે જેલાભેગા કરેલા છે. આથી ૧૮ વર્ષના આ દૂધમલિયાવીરને રાષ્ટ્રધ્વજ સાથે ટોળામાં આગળ ઊભેલો જોઈ ગણવેશધારી અધિકારીઓને ખુન્નસ ચડે છે. કવિ ઉમાશંકર લખે છેઃ

**ગોરો આયો, બની ઘુરાયો**
**સાથે લશ્કર લાયોજી**
**કિનારીવાલા દૂધમલ લાલા**
**દોડી આગળ આવ્યોજી.**

ગગનભેદી સૂત્રો વચ્ચે પોલીસે લાઠીચાર્જ શરૂ કર્યો. ગોળીઓ છોડવાની ધમકી ઉચ્ચારી. મુક્તિસંગ્રામ માટેના સંઘર્ષના ભાગ તરીકે જે સરઘસ નીકળ્યું હોય તેમાંથી ભાગી છૂટવું એ લાંછન છે, એવા પિતાજીના શબ્દો વિનોદના હૈયામાં કોતરાઈ ગયેલા છે. વિદ્યાર્થીઓ તથા પોલીસ વચ્ચેનું ઘર્ષણ ઉગ્ર બને છે. ગુજરાત કોલેજના તે સમયના વિદ્વાન પ્રાધ્યાપક દાવર તથા પ્રાધ્યાપક ધીરૂભાઈ ઠાકરની વાત કાને ધરવાની ધીરજ પોલીસને રહી નથી. અંતે ગોરા અમલદારે છોડેલી ગોળી ધ્વજનું સન્માન સાચવીને અડિખમ ઊભેલા વિનોદની છાતીમાં ધરબાઈ જાય છે. એક ખીલતું પુષ્પ સરસ્વતી મંદિરની સાક્ષીએ અકાળે વિલાય છે.

વિનોદ કિનારીવાલાની સ્મૃતિમાં અમદાવાદના વિદ્યાર્થીઓને સંબોધતા સરદાર પટેલ વિનોદને યુવાનોના આદર્શ તરીકે ગણાવી ભવ્ય અંજલિ આપે છે. વિનોદના વીરત્વને જયપ્રકાશ નારાયણ ભાવપૂર્વક બિરદાવે છે. કોઈના લાડકવાયા આ વીરની સ્મૃતિને જીવંત રાખતી સમાધિ આજે પણ ઉન્નત મસ્તકે ઊભી છે.

# બીજા ગાલ પર લાફો ખાધા પછી શું કરવાનું?



## વિચારયાત્રા

ડૉ. જય ઓઝા

'કોઈ તમને એક ગાલે લાફો મારે તો બીજો ગાલ ધરવો.' - ગાંધીજી આવું કહેતા હતા. 'લગે રહો મુન્નાભાઈ'માં સરસ વાત કરી છે કે, એક ગાલે લાફો ખાધા પછી બીજો ગાલ ધરીએ અને એ ગાલે પણ લાફો ખાધા પછી શું કરવાનું? ત્રીજો ગાલ કયાંથી લાવવાનો? અરે સિમ્પલ, ત્રીજો ગાલ સામેવાળાનો! તેના ગાલ પર રંગોળી કરવાની!

હકીકત એ છે કે ચૂપ રહેવામાં મજા નથી, લડી લેતાં આવડવું જોઈએ. અન્યાય અને અત્યાચાર કરનાર જેટલો દોષિત છે તેનાથી વધુ દોષિત અન્યાય સહન કરનારો છે. સામાન્ય રીતે સ્વભાવથી આપણે સહનશીલ પ્રકૃતિના છીએ. ખોટી વાત હોય અને આપણે જાણે-અજાણે પણ સહન કરતા હોઈએ તો આપણાથી વધારે પાપી બીજું કોઈ નથી. આપણા આવા અન્યાય સહન કરવાના સ્વભાવનો દુનિયાની બધી પ્રજાએ ભરપૂર લાભ લીધો છે.

પહેલાં મુસ્લિમ શાસકોએ વર્ષો સુધી આપણા પર રાજ ચલાવ્યું છે. પછી બાકી હતું તે અંગ્રેજો ૨૦૦ વર્ષમાં નિચોવી ગયા! આપણી ગુલામીનાં કારણો તો ઘણા છે પણ મુખ્ય કારણ છે અન્યાય સહન કરવાનો આપણો સ્વભાવ.

ખબર પડે કે આ ખોટું થયું છે છતાં ન બોલીએ એ તો કાયરતા જ કહેવાય. અન્યાય સામે અવાજ ઉઠાવીએ ત્યારે મહાભારતનું યુદ્ધ જન્મે, ભારતનો સ્વાતંત્ર્ય-સંગ્રામ થાય. કૃષ્ણે યુદ્ધ અટકાવવા કાંઈ ઓછા પ્રયાસ કર્યા હતા? પણ કેટલીક સમસ્યાઓનો ઉકેલ યુદ્ધ દ્વારા જ આવી શકે છે. દુર્યોધનને કે રાવણને કે આતંકવાદને યુદ્ધમાં જ જીતવા પડે.

આતંકવાદ અત્યારે આપણા દેશની સૌથી કપરી સમસ્યા છે. આવા આતંકવાદી આપણી સામે હથિયાર લઈને ઊભા હોય ત્યારે તેમને ખતમ જ કરવા પડે. ઝનૂન શાંતિની ભાષા સમજતું નથી.

આજે તો અનેક ક્ષેત્રોમાં લડાઈઓ લડવી પડે છે, આપણી એક પણ ક્ષણ શારીરિક કે માનસિક સંઘર્ષ વિના જતી નથી. હા, લડાઈ અને યુદ્ધના પ્રકારો ભિન્ન-ભિન્ન હોય છે, પણ એકવાર રણશિંગું વાગે પછી ભાગવાનું ન હોય, ભયાનક ઝનૂન સાથે લડી લેવાનું હોય. અને માત્ર જીવ બચાવવા માટે નથી લડી લેવાનું, આપણું અસ્તિત્વ દાવ પર છે એની રક્ષા કાજે લડવાનું છે.

**આપણે સત્યની, ન્યાયની લડાઇ લડી લેવામાં શા માટે અચકાઇએ છીએ તે સમજમાં નથી આવતું, આપણે જો આપણા પર થતા અન્યાય વિશે પણ જાગૃત ન હોઇએ તો પછી દેશ પર થતા અન્યાય ઉપર બોલવાની તો આપણી હિંમત જ ક્યાંથી થાય!**

ન્યાય-અન્યાય અને યુદ્ધની વાત તો પળેપળ આપણને રોજિંદા જીવનમાં જોવા મળે છે. લાઈટનું બિલ ભરવા લાંબી લાઈન લાગી હોય, કોઈ મહાશય વચ્ચે ઘૂસી જાય ત્યારે આપણે ફક્ત થોડા મોટા અવાજે એને બહાર નીકળવાનું કહેવાનું હોય છે, પણ આપણું બીકણ મન, અન્યાય સહન કરી લેવાનો સ્વભાવ આપણને તેમ કરતાં અટકાવે છે. આપણે વિચારીએ છીએઃ એમાં શો ફરક પડી જવાનો છે? ફરક બહુ મોટો પડે છે! પેલી વ્યક્તિનો આત્મવિશ્વાસ તમારા ડરપોકપણાને કારણે વધશે અને ફરીવાર વધારે દઢતાથી બીજા જોડે અન્યાય કરવા પ્રેરિત થશે.

બસના કંડક્ટર-ડ્રાઈવર પણ આપણા પર દાદાગીરી કરી જાય છે. ટિકિટના છુટ્ટા પૈસા ન હોય એટલે ૧ રૂપિયો કે બે રૂપિયા પછી લઈ લેજો- કહી બાકી રાખે, આપણે ઊતરવાનું સ્ટેન્ડ આવે અને આપણે કચવાતા જીવે માગવા જઈએ ત્યારે, મોઢું તોડી લેતો જવાબ આપે કે છુટ્ટા નથી! ડ્રાઈવર જાણી જોઈને બસને બસ સ્ટેન્ડથી થોડે દૂર ઊભી રાખે! આપણને પાછળ દોડતા જોઈને તેમને વિકૃત આનંદ મળે છે પણ બસમાં ચડ્યા પછી આપણે એમને જરાક જેટલું પણ કહી શકતા નથી કે આમ કેમ કરો છો!

ગ્રાહકોની સાથે વેપારીઓ તો વર્ષોથી ઘરની ધોરાજી ચલાવતા આવ્યા છે. લલચામણી જાહેરાત આપી હોય, દુકાનમાં લેવા જઈએ ત્યારે વાત કંઈ જુદી હોય છે. હમણાં વળી ૫૦ પૈસાની કિંમતની બે ચૉકલેટ પકડાવી દે છે૧ આ તો ખુલ્લેઆમ અન્યાય છે. રિઝર્વ બૅન્કે એવો કોઈ ઓર્ડિનન્સ તો પસાર કર્યો નથી કે ૫૦ પૈસા નહીં ચાલે, તો પછી શા માટે આપણે સાંખી લઈએ છીએ!

હમણાં એક પ્રાઈવેટ બૅન્કમાં પૈસા ભરવા ગયો હતો. એમણે પાંચની અને દસની નોટ લેવાની ના પાડી દીધી. પછી ખૂબ હોબાળો કર્યો એટલે લીધી. પણ જો એકવાર ના પાડે અને આપણે ઢીલા પડીએ તો પછી એમને ફાવતું જડે છે.

આપણે સત્યની, ન્યાયની લડાઈ લડી લેવામાં શા માટે અચકાઈએ છીએ તે સમજમાં નથી આવતું. આપણે જો આપણા પર થતા અન્યાય વિશે પણ જાગૃત ન હોઈએ તો પછી દેશ પર થતા અન્યાય ઉપર બોલવાની તો આપણી હિંમત જ ક્યાંથી થાય!

યુદ્ધમાં કદાચ હાર થઈ શકે, કદાચ એવું પણ બને કે આપણે ફરી ઊભા ન થઈ શકીએ પણ એનાથી ડરવાનું નથી. ડર, ભય આપણને યુદ્ધ પહેલાં જ હાર આપતો હોય છે. પરિસ્થિતિનો સામનો કરવાનો છે, તેને સહન કરવાની નથી. પલાયનવાદથી યુદ્ધ કયારેય ખતમ થતું નથી. આજનું મોત કાલ પર ગયું એટલું જ કહેવાય.

પાછું આપણે બોલવામાં તો શૂરા છીએ, ઘરે આવીને ઘર ગજવી નાખીશું. અન્યાય કરનારાઓ સામે બળાપો કાઢવાની આપણને ટેવ પડી ગઈ છે. બાકી, અન્યાય સામે બંડ પોકારીએ તો અચૂક ન્યાય મળે. અન્યાય સામેની લડાઈમાં જય-પરાજય ગૌણ બની જાય છે. અન્યાય સામે બંડ પોકારવાનો આનંદ પણ કંઈ ઓર હોય છે. કોઈ દિવસ નાની-અમથી વાત હોય, બસ કંડક્ટર કે કોઈ વેપારી, લાઈટ બીલમાં વચ્ચે આવતી કોઈ વ્યક્તિ સાથે કે તમારા બૉસ સાથે સાચી ન્યાયી વાત માટે લડી જોજો. એ દિવસે બે રોટલી વધારે ખવાશે. કાંઈક કર્યાનો આનંદ તમને ઊછળતા કરી દેશે.

અન્યાય સામે અવાજ ઉઠાવવો જોઈએ, પણ આપણે અનેક ડરથી ઘેરાયેલાં છીએ. સામાન્ય રીતે આપણે મૂંગા મોઢે સહન કરવાનું જ શીખ્યા છીએ.

અને નવાઈની વાત તો એ છે કે ઘણી વખત તો આપણે કયાં શોષણનો ભોગ બની રહ્યા છીએ તેની જાણ પણ આપણને હોતી નથી! આથી આપણા માટે શું અન્યાયી છે તેનું વિવેકભાન પણ સૌ પ્રથમ આપણને હોવું જરૂરી છે. 'ના ! હું અન્યાય સહન નહીં જ કરું' આપણે આપણા મનને આ માટે તૈયાર કરવાનું છે.

આચાર્ય વિજયરત્ન સુરીશ્વરજીનું વિધાન છેઃ 'સમાજને દુર્જનોની સક્રિયતા જેટલી નુકસાન નથી પહોંચાડતી, એટલું નુકસાન સજ્જનોની નિષ્ક્રિયતા પહોંચાડે છે.'

- jayuoza@gmail.com

# દેરાસરમાં જ તમે આપેલા સંસ્કાર અને શાલીનતાનાં દર્શન સોનલે અમને અજાણતાં કરાવ્યાં હતાં, અમારા મનના મનોરથ ભગવાને પળવારમાં જ પૂરા કરી દીધા...



## અજવાળું - અજવાળું

તુષાર જોશી

'અમે તમારા ઘરે ન આવ્યા હોત તો પણ ચાલત.'

વલસાડથી આવેલા પરિવારના મોભી હિંમતભાઈએ કહ્યું : સાંભળનારા સહુ કોઈને જરા ટૅન્શન થઈ ગયું. વાત સમજાઈ નહીં. કયાંક આટલું સારું ઘર અને વર આપણી દીકરીને પસંદ નથી કરતાં કે શું?

વાત જાણે એમ હતી કે મૂળ ભાવનગર શહેરનો એક પરિવાર વર્ષોથી વ્યવસાય અર્થે દક્ષિણ ગુજરાતના ઔદ્યોગિક શહેર વાપીમાં સ્થાયી થયો હતો.

ઘરમાં આજે વિશેષ ચહલપહલ હતી. પરિવારની દીકરી સોનલ માટે વલસાડના જૈન પરિવારનો દીકરો નીલેશ અને તેનો પરિવાર ઘરે આવવાનો હતો. રોજ કરતાં વિશેષરૂપે સ્વચ્છતા રાખવા અને ઘરની સજાવટ કરવા કામ કરનારાઓને સૂચના અપાઈ રહી હતી.

'હવે બધા તૈયાર થઈ જાવ, એ લોકો હમણાં જ આવશે.' સોનલનાં મમ્મીએ ચિંતિત સ્વરે કહ્યું. સાંભળીને સોનલના પપ્પાએ કહ્યું, 'અરે, તું નાહકની ઊંચા જીવે થાય છે ને સૌને પણ કરે છે. આજે આપણી દીકરીનું વેવિશાળ પાક્કું જ સમજ.'

'તમારે પુરુષોને તો બસ વાતો જ કરવી છે! સારું ત્યારે બેસો હીંચકે ને વાંચો છાપાં, સોનલ એ સોનલ...'

મમ્મીએ બે-ત્રણ સાદ પાડ્યા. જવાબ ન મળ્યો. બધે જોઈ વળ્યાં, પણ સોનલ ના મળી... તૈયાર થવાના સમયે જ એ કયાં ગઈ હશે?-પ્રશ્ન થયો. ત્યાં કોઈએ કહ્યું: સોનલ દાદીને લઈને દેરાસર દર્શન કરવા ગઈ છે. સોનલનો આ નિત્યક્રમ હતો અને આજે પોતાને જોવા કોઈ મુરતિયો ઘરે આવવાનો છે એ વાતની ચિંતા કર્યા વિના એ દાદી સાથે દેરાસર ગઈ હતી.

**ઘરના વડીલો સાથે પ્રેમપૂર્વક વર્તવાથી, એમનો રાજીપો લેવાથી એમના હૃદયમાંથી દુઆ નીકળે છે, આશીર્વાદ પ્રગટ થાય છે**

થોડીવારમાં દાદીને લઈને સોનલ ઘરમાં પ્રવેશી.

'બેટા, આજે દેરાસર ન ગઈ હોત તો? અથવા સાંજે જવું હતું... ઠીક છે, ચાલ હવે બરાબર તૈયાર થઈ જા. હમણાં જ એ લોકો આવશે.' મમ્મીએ સોનલને કહ્યું.

ને ડૉરબેલ રણકી... જય જિનેન્દ્ર, જય જિનેન્દ્ર કહેતાં-કહેતાં નીલેશનાં મમ્મી-પપ્પા અને કાકા-કાકી ઘરમાં પ્રવેશ્યાં. બેઠકરૂમમાં સહુ ગોઠવાયાં. વાતો થઈ, અને પરંપરાગત રિવાજ મુજબ ચા-નાસ્તો લઈને થોડી શરમાઈને પણ આત્મવિશ્વાસ સાથે સોનલ પણ આવી. પ્રાથમિક વાતો થઈ વડીલો વચ્ચે, સોનલ અને નીલેશની સગાઈ નક્કી જ છે, એમ સહુના મનમાં હતું અને હિંમતભાઈએ કહ્યું, 'અમે તમારા ઘરે ન આવ્યા હોત તો પણ ચાલત.'

'સમજાયું નહિ!' સોનલના પપ્પાએ કહ્યું.

એમનો માનસિક બોજો હળવો કરતા હોય એમ હિંમતભાઈએ કહ્યું, 'અરે, અમે તમારા ઘરમાં આવીને સોનલને જોઈ એ પહેલાં જ અમારી પુત્રવધૂ તરીકે એને પસંદ કરી લીધી હતી. થયું એવું કે, વાપીમાં પ્રવેશતા રસ્તામાં દેરાસર દેખાયું, મારા પત્નીએ કહ્યું કે ચાલો, પહેલાં દેરાસર દર્શન કરતાં જઈએ. ગાડી પાર્ક કરીને દેરાસરમાં પ્રવેશતાં ધ્યાન ગયું કે એક યુવતી એનાં દાદીનો હાથ ઝાલીને દેરાસરનાં પગથિયાં ચડવામાં મદદ કરી રહી છે.'

દર્શન કરતાં કરતાં અમે સહજપણે જોયું કે, એ ખૂબ પ્રેમથી દાદીને દર્શન કરાવી રહી છે - સેવાપૂજામાં મદદ કરી રહી છે. મારી પત્નીએ મને કહ્યું કે, આવી છોકરી જો આપણા ઘરમાં પુત્રવધૂ બનીને આવે તો ઘરની રોનક વધી જાય... 'મેં મસ્તીમાં કીધું કે કહેતી હોય તો એને જઈને પૂછી આવું એના વિશેની માહિતી, અને અહીં ઘરમાં આવીને દાદીબા અને પછી સોનલને જોયાં એટલે થયું કે જો ત્યાં જ સોનલને મળી લીધું હોત તો આવવાની જરૂર જ ન પડત!'

'દેરાસરમાં જ તમે આપેલા સંસ્કાર અને શાલીનતાનાં દર્શન સોનલે અમને અજાણતાં કરાવ્યાં હતાં. અમારા મનના મનોરથ ભગવાને પળવારમાં જ પૂરા કરી દીધા...'

સૌના ચહેરા પર આનંદ છવાયો. સોનલ-નીલેશની સગાઈ થઈ ગઈ...

આજે એમના લગ્નજીવનનો બે દાયકા કરતાં વધુ સમય પસાર થયો છે અને સોનલ એનાં વાણી-વિવેક અને વર્તનથી બંને ઘરની શાનને વધુ રોનક આપી છે.

ઘટના નાની હોય છે. સાહજિક હોય છે પરંતુ કયારેક એની અસર કેટલી બધી વ્યાપક હોય છે!

ચહેરો આકર્ષે છે, સંસ્કાર અનુભવાય છે. સંસ્કાર એ જ મૂડી છે. ઘરના વડીલોને આદર અને પ્રેમ આપવા, એમની નાની-મોટી જરૂરિયાતો પૂરી કરવી, એમની સાથે બેસવું, એમને છાપાં વાંચી આપવાં કે મંદિરમાં લઈ જવા, એમને સમય આપવો અને રાજી રાખવા. આવું કરવાથી મનને આનંદ મળે છે અને વડીલોના આશીર્વાદ કે દુઆ મળે છે. બે બેઢી વચ્ચેની વિચારધારાનો ભેદ છેક સંઘર્ષ સુધી લઈ જાય એ વાજબી નથી. એમનો સમય, એમનો સંઘર્ષ, એમણે કરેલું યુવાનોનું ઘડતર, આ બધાંનું વિશેષ મૂલ્ય છે.

ઘરના વડીલો સાથે પ્રેમપૂર્વક વર્તવાથી, એમનો રાજીપો લેવાથી એમના હૃદયમાંથી દુઆ નીકળે છે, આશીર્વાદ પ્રગટ થાય છે, 'બેટા રાજી રહેજો'ને પરિણામે આપણા જીવનમાં અજવાળું-અજવાળું રેલાય છે.

**તેજપુંજ :**

અમે દાદીમાને મા કહેતા. કિશોરાવસ્થામાં માને મોંએ સાંભળેલું 'કોઈને ચામ વહાલું નથી, કામ વહાલું છે. આગળ પડીને કામ કરી દઈશ તો સૌ કોઈ તને બોલાવશે. જયાં જઈએ ત્યાં 'લાવો, હું કરું' કહીએ, જેથી સામાને વહાલાં લાગીએ.

- ઇલા પાઠક ('અખંડ આનંદ' માસિકમાં)